# નજાકતભર્યું નગર... ગાંધીનગર









**રમેશ ઠક્કર**

પાટનગર હાલે ભીનું ભીનું થઈ ગયું છે..ઓગસ્ટ માસની ઝરમર વચ્ચે..મેઘરાજાએ રાજધાનીને માટીની સુગંધથી ભરી દીધી છે..બીજી ઓગસ્ટ ગાંધીનગરનો જન્મદિવસ છે..ગઇકાલની સંધ્યાનો નજારો જ અલગ હતો..દિવસભર ઉકળાટ બેબાક બનીને સતાવતો હતો ત્યાંજ મોડી સાંજે અલ્લડ વાદળીજઓની ટોળી આવી અને જે કમાલ કરી ગઈ..ખરેખર ભીતર ધાંધલ ધમાલ થઈ ગઈ..! આખું નગર જાણે લાગણીભીનું થઈ ગયું !

સડકની આપણને હંમેશાં ફડક રહેતી હોય છે..પણ એમાં ગાંધીનગરની બાહુબલી સડકો અપવાદ હોઇ શકે..ફેલાઇ જવું એ એના સ્વભાવમાં છે..કાટખૂણે વધીને પછી વળી જતી અને અચાનક મરોડદાર લય સાથે મુસ્કુરાતી એ સામે આવે ત્યારે આપોઆપ તમે એના પ્રેમમાં પડી જ જાઓ એ નક્કી..સડકોની સુંદરતા જોવી હોય તો તમારે ગાંધીનગર જ આવવું પડે.


આ નગર એક અલગ ટેસ્ટનું નગર છે..એ તમને આલિંગન આપે છે,બહુ સહજ રીતે..વસવસો એ છે કે અહી આવનાર માણસ કોઇને કોઇ ગામ કે શહેર સાથે નાતો જોડીને આવેલો હોય છે..એટલે કે ગાંધીનગર એ કોઇનો પહેલો પ્રેમ નથી..! એની અનુભૂતિ બીજી વખત થતા પ્રેમ જેવી છે..! આપણે સૌ પહેલી નજરના પ્રેમીઓ છીએ..આપણા કવિઓએ પણ 'પહેલા નશા પહેલા ખુમાર..'એવાં ગીતો ગાઇ આ જ ભાવને બહેલાવ્યે રાખ્યો છે..હકિકતમાં પ્રેમમાં પ્રથમ કે અંતિમ એવું કશું હોતું જ નથી...પાટનગરનું આલિંગન જો તમે એ રીતે અનુભવો તો ચોક્કસ એના લાગણીતંત્ર સાથે કનેક્ટ થઇ જ જવાય..

એના વિવિધ છેડાઓ છે..અલગ અલગ પાદર કહી શકાય..ગામને એક ગોંદરું હોય અહી અનેક આકર્ષક એન્ટ્રિઓની અજાયબી છે...વિતેલા દાયકાઓમાં આ નગરમાં મારી ઘણી આવનજાવન રહેલી છે..દરેક વખતે નવું પાદર મને વેલકમ કરે છે..આ વખતે મારૂં આગમન ઇશાન ખૂણેથી એટલે કે રોકેટ સર્કલ તરફથી થયું..ખાસ્સા ચાર વરસના વિયોગ પછી..પણ તોય પાટનગરનું પ્રવેશદ્વાર એટલું જ પ્રેમાળ હતું ! ગાંધીનગર તમને ક્યારેય ભૂલતું નથી.

કોઇ કહે છે અહીની લીલોતરીમાં લાગણીઓની વેલ પાંગરતી નથી..કોઇને એ શુષ્ક શિષ્ટાચાર કે સપાટ માનવ વ્યવહારોનું શહેર લાગે છે..હકિકતમાં આપણે કોઇને કોઇ ગામ કે નગર જે આપણા પ્રથમ પ્રેમ જેવું હોય છે એની સાથે સરખાવતા રહીએ છીએ એનું જ આ પરિણામ છે..! દિલમાં જરીક સદભાવ સાથે જુઓ તો આ શહેર પણ ધબકતું એક માનવમધ જેવું છે..જેની ભીતરમાં લાગણીઓનો મધપૂડો છે.. એ લાગણીના ધબકાર મારા કાર્ડિયોગ્રામાં અંકિત થયેલા મેં અનુભવ્યા છે..ઘણાએ અનુભવ્યા હશે.

આ નગરનો પહેલો પ્રવેશ મેં 'ચ' રોડની ચાહતથી કરેલો એવું મને યાદ છે..એંશીના દાયકાનો મધ્યકાળ એ ગાંધીનગરના સૌંદર્યની ચરમસીમા હતી..ડબલ ડેકરની બારીએથી સરી જતી સડક એ પણ કુદરતના કમાલ જેવી લાગતી.નગરનાં અનેક નજરાણાં છે..વિધાનસભા કે સચિવાલય તો ખરાં જ પણ નાનાં નાનાં શોપીંગ સેન્ટર્સ, લાઇબ્રેરી, ટાઉનહોલ અને હવે તો દેશમાં નંબર વન કહી શકાય એવું રેલ્વે સ્ટેશન અને પુનિત વન કે સરિતા ઉધાન જેવાં સુંદર ઉપવનો શહેરની આધુનિકતાની ઓળખ જેવાં છે.

એક જમાનામાં સેક્ટર ૨૧ની લાયબ્રેરીમાં "બાલકન જી બારી " નામે બાળકોની અજાયબ સૃષ્ટિ ચાલતી..સેક્ટર ૧૭નું હેલીપેડ ગ્રાઉન્ડ અને વિશાળકદ ડોમ આવનારને આંજી દેતાં..નગરમાં વિવિધ સાહિત્યિક અને કલાવિષયક સંસ્થાઓ ચાલે છે..એકસો કરતાં વધારે લેખકો કવિઓ વસે છે..કલાકારો અભિનેતાઓ અને રમતવીરો પણ છે..ગુજરાતની પ્રથમ ઇંટ મૂકનાર પૂજ્ય રવિશંકર મહારાજની અદભૂત પ્રતિમા જ્યાં ઉભી છે એ ઘ-૫ સર્કલ નગરના હાર્ટ સમાન છે..સત્તર બાવીસનું ક્રોસિંગ કે જુના સચિવાલયની



રામટેકરી અને એની ચહલપહલ જેણે જોઇ હોય એ કયારેય ભૂલી ના શકે..

પાટનગરનાં આસ્થા સ્થાનોની પણ એક આગવી વિરાસત છે...અહી અનોખાં મંદિર છે..ચર્ચ છે..મસ્જિદો છે..ગુરૂદ્વારા પણ છે..બહાઇ ધર્મનું એક સુંદર પરિસર પણ છે.

ગાંધીનગરને આપણે જાણેઅજાણે લાગણી કે ધબકાર વગરનું નગર માની બેઠા છીએ...અહીનાં શ્રધ્ધા કેન્દ્રોની ચહલપહલ પણ નિરાળી છે...પંચદેવના પથ્થરોની એક ભવ્ય ગરીમા છે..સંધ્યા સમયે વાગતી ઝાલર અને આરતીનો નાદ આખા શહેરની શાન છે..બે ઘડી પંચદેવના પદસ્થાનોમાં બેસવાનો ગજબ આનંદ છે...એની ફરફરતી ધજા એક નવી ઉર્જા આપી જાય છે..મારી કેટલીય હતાશ પળોને મેં અહી ખંખેરી નાખી છે.

અક્ષરધામનો દબદબો જ અલગ છે..નગરના છેડે ઉભેલું અક્ષરધામ આખા શહેરનું સ્પંદન છે..એક જમાનામાં સેક્ટર સત્તરની લાયબ્રેરીમાં અમે પડયા પાથર્યા રહેતા..બાજુમાં જ બિરાજમાન હનુમાનજી અમારા કેટલાય અરમાનો પુરા કરવાની ગેરંટી આપતા..સેક્ટર સત્તરના હનુમાનજીને શનિવારની સાંજે મળવાનો એક આગવો આનંદ છે..અઠ્યાવીસ સેક્ટરનો ભવ્ય બગીચો અને નાનકડી ટ્રેઇનની સફર બાળકો રોમાંચના ખજાના જેવાં હતાં.

સેક્ટર ૨૮નું જલારામ મંદિર વિરપુરના અંશ જેવું હંમેશાં



ધબકતું રહયું છે..સદાવ્રતની મહેંક અને ગુરૂવારની સાંજે થતા સત્સંગની રમઝટ આધ્યાત્મિકતાનો અનોખો અહેસાસ કરાવી જાય છે..જલારામ મંદિરનું પરિસર જ્યારે ખીચડી પ્રસાદ લેતા ભાવિક ભકતોથી કલરવ કરતું હોય ત્યારે નગરની દિવ્યતા પ્રગટતી હોય છે.

પાટનગર આવાં અનેક સાંસ્કૃતિક,આધ્યાત્મિક, શૈક્ષણિક, કે કલાવિષયક આકર્ષણોથી ધબકે છે..આ નગરનો પણ એક આગવો લય છે..નાની પણ સુમધુર વિરાસત છે..અહી ભલે બધા આગંતુક છે..પણ આ શહેર બધાને પોતાના માની પનાહ આપે છે...

જ્યાં વસીએ એ શહેર આપણું...આ નગરમાં ભલે ગલીઓ નથી શેરીઓ નથી કે મહોલ્લા કે પોળોનો વૈભવ નથી. પણ એની આધુનિક ડિઝાઇનોવાળાં મકાનોની પણ એક કમનીયતા છે..એમાં પણ સ્પંદનો છે. .મધઝરતા માનવસંબંધો છે..એની સજાવટમાં ક,ખ,ગ,,ઘ,ચ અને છ ની કક્કાવારીનો એક અનોખો કસબ છે...!

હું ક્યારેય એને શુષ્ક શહેર કહેતો નથી..મારી ચાહત હંમેશાં એની સંવેદનાથી તરબતર થઈ જતી હોય છે..પહેલા વરસાદની ભલે હેલી નથી પણ પાટનગરમાં પણ દિવસો સુધીની હેલી અમે જોઇ છે..મારા ગામનાં દેશી નળિયાં હોય કે નગરના તોતિંગ મકાનોની છત..આકાશ બધે એકસરખું છે.. કામલપુર હોય કે ગાંધીનગર.."કલાપી"ની જેમ મને પણ કહેવાનું મન થાય છે...'ચાહીશ બેય ને હું..!'

